ગાંધીનગર સમાચાર

સેકટર-૭ પોસ્ટ ઓફિસના કર્મચારીઓની મનમાની સામે રોષ

@ગાંધીનગર

● આસિયા દ્વારા સવારે ૧૦.૩૦ કલાકે સેકટર-૧૯, જીમખાના ખાતે ઈજનેરીના વિદ્યાર્થીઓને સન્માનવાનો કાર્યક્રમ યોજાશે.

● સે-૨૨, પંચદેવ મંદિર ખાતે સાંજે ૪.૦૦ કલાકે ભટ્ટ મેવાડા સમાજનું સ્નેહમિલન કાર્યક્રમ યોજાશે.

● સે-૧૬ ખાતે સવારે ૯ થી ૧ દરમયાન શ્રમજીવી પરિવારોના બાળકો માટે માચીસ વર્કશોપ યોજાશે. ઉપરાંત બપોરે ૧૨ થી ૨ કલાક સુધી સ્વચ્છતા અભિયાન અંતર્ગત કાર્યક્રમ યોજાશે.

● તાવરિયાજી ગ્રુપ દ્વારા સવારે ૮ કલાકે સે-૧૨ બલરામ મંદિર ખાતે લયબધ્ધ શ્વસનની યૌગિક ક્રિયાની શિબિર યોજાશે.

● સે-૨૨, કલ્પના અને રચના સોસાયટીના બગીચા ખાતે બપોરે ૩.૦૦ કલાકે મુકુંદભાઈ મહારાજની વ્યાસપીઠે શ્રીમદ્ ભાગવત સત્સંગ પારાયણ યોજાશે.

● સે-૨-બી ચંદ્રમૌલેશ્વર મહાદેવ ખાતે બપોરે ૧.૩૦ થી ૫.૩૦ કલાક દરમિયાન કથા, વામન ચરિત્ર, રામ જન્મ તેમજ કૃષ્ણ જન્મના પ્રસંગો આવરી લેવાશે.

● સે-૧૭, ટાઉનહોલ ખાતે ફિરદોસ સ્કૂલનો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે.

- નજાહખાનમ સૈયદ

શહેરમાં એક જ દિવસમાં ત્રણ માર્ગ અકસ્માત

નગરના ઘ અને ચ માર્ગ પર સૌથી વધુ અકસ્માતોના બનાવ : કોઈ જાનહાનિ નહીં

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરના સુંદર અને પહોળા માર્ગો પર વાહનચાલકો બેફામ ગતિએ વાહનહંકારે છે. ફુલ સ્પીડે વાહન હંકારવાને કારણે શહેરમાં માર્ગ અકસ્માતોની સંખ્યામાં વધારો થવા પામ્યો છે. શહેરમાં પૈડા પરની જીંદગી હવે જોખમરુપ બની રહી છે. શહેરમાં વાહનચાલકો ઝડપી વાહન હંકારી ટ્રાફીકના નિયમોનું ઉલ્લંઘન કરી રહ્યા છે. આજે શહેરના મુખ્ય માર્ગ ગણાતા ચ માર્ગ પર જીલ્લા પંચાયત,પંચદેવ મંદિર સામે,તેમજ ઘ માર્ગ પર ઘ-૧ પાસે થઈ કુલ ત્રણ અકસ્માતો સર્જાયા હતા. આ અકસ્માતોમાં સદનસીબે કોઈ જાનહાનિ થવા પામી નથી. પરંતુ વાહનોને ભારે નુકસાન થવા પામ્યું હતું.

ગાંધીનગર શહેરના ચકાચક માર્ગો પર વાહનચાલકો ટ્રાફીક પોલીસના નિયમોનું ઉલ્લંઘન કરી ફુલ સ્પીડે વાહન હંકારતા હોય છે. શહેરમાં માર્ગ અકસ્માતો ઘટાડવા માટે નગરમાં મુખ્ય માર્ગ પર સ્પીડ બ્રેકર મુકવા તંત્ર સમક્ષ અનેકવાર જાગૃત નાગરીકો દ્વારા રજુઆત કરવામાં આવી છે. સ્પીડબ્રેકર ન હોવાથી બેફામ ગતિએ વાહન હંકારવાનું મોકળુ મેદાન વાહનચાલકોને મળે છે. આજે સવારના સુમારે અકસ્માતનો પહેલો બનાવ નગરના

બનાવ પંચદેવ મંદિર સામે સ્વીફટ કાર ડીવાઈડર સાથે ટકરાતા કારને નુકસાન પહોંચ્યું હતું. ત્રીજો બનાવ ઘ-૧ પાસે રીક્ષા અને ઝેન એસ્ટીલો કાર વચ્ચે બન્યો હતો. આ ત્રણેય અકસ્માતમાં વાહનોને ભારે નુકસાન થવા પામ્યું હતું. જયારે સદનસીબે કોઈ જાનહાનિ થવા પામી નથી. પરંતુ શહેરમાં ઝડપી અને ગફલતભરી રીતે વાહન ચલાવવાના કારણે અકસ્માતોના બનાવો બને છે. જયારે શહેરના નાગરીકોની પૈડા પરની જીંદગી ઝોખમરુપ બની છે. શહેરમાં ટ્રાફીકનું ઉલ્લંઘન કરતા વાહનચાલકો સામે પોલીસતંત્ર એ લાલ આંખ કરવાની જરુર છે.

વાતવાતમાં

● ગાંધીનગરના ઈન્દુમતીબેન નિમાવતે દ્વારકા ખાતે પ્રારંભ થયેલ માસ્ટર્સ એથ્લેટિકસમાં ૧૦૦ મીટર દોડ તથા શોટપુટ રમતમાં વિજેતા બની બે સુવર્ણ ચંદ્રક જીત્યા છે. હજુ આ રમતોત્સવ ચાલુ હોઈ ગાંધીનગર માટે તેઓ વધુ ચંદ્રકો જીતી લાવે તેવી શુભેચ્છા...

● જીટીયુ દ્વારા આગામી સપ્તાહથી એન્જીનીયરીંગની પરીક્ષાઓનો પ્રારંભ કરાઈ રહ્યો છે. આ પરીક્ષામાં સફળતા મેળવવા વિદ્યાર્થીઓ દ્વારા રાત દિવસ ઉજાગરા કરી તનતોડ મહેનત કરાઈ રહી છે.

● ગાંધીનગરના કેટલાક સેવાભાવી યુવાનો દ્વારા નૂતન વર્ષની શુભકામનાના સ્વરૂપે શ્રીમદ ભાગવત ગીતાની ભેટ આપવામાં આવી રહી છે. યુવાનોનો આ નવતર અભિગમ બેટ મેળવનારા સ્નહીજનોને સુખદ આશ્ચર્ય પમાડી રહ્યો છે.

● દિવાળી વેકેશન પુરું થતા 'માના ઘરે' ગયેલા બાળકોની ઘરવાપસી થવા લાગી છે. સોમવારથી તમામ સ્કુલોનો પ્રારંભ થઈ જતા મિત્રો મળતા વેકેશનના અનુભવો વર્ણવવાની મસ્તીભરી વાતોના તડાકા જામશે.

● આજકાલ સ્થાનિક સ્વરાજની ચુંટણીઓના કારણે ગાંધીનગરના નાનાથી મોટા તમામ નેતાઓ ગામડા ખૂંદી રહ્યા છે. ગામડાઓમાં ખાટલા પરિષદ દ્વારા છેલ્લી ઘડીના પ્રચારમાં એડીચોટીનું જોર લગાડાઈ રહ્યું છે.

● ગાંધીનગર શહેરમાં ચુંટણી ના હોવા છતાં ચુંટણીનો માહોલ બરાબર જામ્યો છે. ચૌરે-ચૌટે, પાનના ગલ્લે, ચાની કીટલીએ અને સોસાયટીના નાકે 'કેવું લાગે છે આ વખતે?' એ સવાલ સૌથી વધુ ચર્ચાઈ રહ્યો છે.

● દેવદિવાળી પછી લગ્ન મુહુર્ત નીકળતા નગરમાં લગ્નગાળાનો પ્રારંભ થઈ ગયો છે. ઠેરઠેર લગ્નમંડપો દેખાઈ રહ્યાં છે અનો નગરજનો જમણવારની જયાફત ઉડાવી રહ્યાં છે.

● શિયાળુ શાકભાજીની માર્કેટમાં આવક વધતા ગૃહિણીઓ આનંદિત ચહેરે ખરીદી કરતી જોવા મળી રહી છે. મૂળા, ગાજર, બીટ, લીલી હળદર અને ભાજીઓની ખરીદી હોંશે હોંશે કરવામાં આવી રહી છે.

● ઘ-૬ થી ઘ-૭ તરફના માર્ગે અતિશય ખાડા પડી જવા પામ્યા છે. જેનું દિવાળી પછી સમારકામ થશે તેવું ચર્ચાતું હતું. જો કે હજુ સમારકામ ચાલુ ના થયું હોવાથી આ ઉબડ-ખાબડ માર્ગે પસાર થતાં વાહન ચાલકો તંત્ર પર ફીટકાર વરસાવી રહ્યા છે.

- સમીર રામી,
મો. ૯૯૨૪૪૪૬૬૪૫

સે-૧૫ ખાતે અનુસુચિત જાતિ યુવક ઉત્સવનું આયોજન

ગાંધીનગર, તા.૨૮

જિલ્લા રમત-ગમત અધિકારી કચેરી દ્વારા આગામી તા. ૫ અને ૬ ડિસેમ્બર દરમિયાન સેકટર-૧૫ ગોપાલક કન્યા વિદ્યાલય ખાતે અનુસુચિત જાતિના યુવક ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા કક્ષાએ જુદી જુદી ૨૨ જેટલી સ્પર્ધાઓનું આયોજન કરાયું છે. જેમાં ગાંધીનગર શહેરના યુવકો માટે ૫ ડિસેમ્બરના રોજ હરિફાઈ યોજાશે તેમજ ગ્રામ્ય વિસ્તારના યુવકો માટે ૬ ડિસેમ્બરના રોજ યોજાશે. આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા ૧૫થી ૩૫ વર્ષ સુધીની વયના ભાઈઓ અને બહેનોએ તા. ૩ ડિસેમ્બર સુધીમાં તમામ માહિતી સે-૨૩, શેઠ સી.એમ. હાઈસ્કુલ ખાતે મોકલવાની રહેશે તથા વધુ માહિતી મેળવવા બ્લોક નં. ૧૯૦/૨, જી-૧ ટાઈપ, સે-૩૦ જિલ્લા રમત ગમત અધિકારીની કચેરીનો સંપર્ક સાધવાનો રહેશે.

વાવોલ સ્થિત રોયલ-૨ બંગ્લોઝમાં આધેડનું શંકાસ્પદ મૃત્યુ

પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી

ગાંધીનગર, તા.૨૮

શહેરને અડીને આવેલા વાવોલ ગામમાં સ્થિત રોયલ-૨ બંગ્લોઝમાં ગઈ મોડી સાંજે આધેડ વયના સરકારી કર્મચારીનું મૃત્યુ નિપજયું હતું. આ શંકાસ્પદ મૃત્યુ અંગે સે-૭ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને પેનલ ડોકટરની ટીમથી પોસ્ટ મોર્ટમ કરાવી તપાસ શરુ કરી છે. ઘરકંકાશ થોડા દવસોથી ચાલી રહ્યો હોવાની પણ લોકમુખે ચર્ચાઓ થઈ રહી હતી..!

મળતી માહિતી મુજબ વાવોલ ગામના રોયલ-૨ બંગ્લોઝમાં મકાન નં. ૨૧ ખાતે રહેતા ૪૮ વર્ષીય સરકારી કર્મચારી દિનેશચંદ્ર ખેમાભાઈ વ્યાસનું કોઈ કારણોસર મૃત્યુ થઈ જવા પામ્યું હતું. દિનેશચંદ્રના નાના ભાઈ ઋષિકેશભાઈ ખાનગી વાહનમાં તેમને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ ગયા હતા જયાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. આ શંકાસ્પદ મૃત્યુ અંગે સે-૭ પોલીસને જાણ થતા અકસ્માત મોતનો ગુનો દાખલ કરી હત્યાની આશંકાઓ અને આક્ષેપો થતા પેનલ ડોકટર વડે પોસ્ટમોર્ટમ કરાવવામાં આવ્યું હતું. નોંધનીય બાબત છે કે કોઈ મુદ્દે તેમના ઘરમાં કેટલાક દિવસોથી ઘરકંકાસ ચાલી રહ્યો હતો અને ગઈ કાલે પણ કોઈક માથાકુટ થઈ હતી. પોલીસે તે દિશામાં પણ તપાસ શરુ કરી છે જો કે એફએસએલને ઘટના સ્થળે નિરીક્ષણ અર્થે બોલાવવામાં આવી ન હતી...!

શ્રી ચંદ્રમૌલેશ્વર મહાદેવ લાભાર્થે પવિત્ર પિતૃ મોક્ષાર્થે શ્રીમદ ભાગવત કથાનું આયોજન સેકટર-૨-બી ખાતે કરવામાં આવ્યું છે. તારીખ ૨૬ નવેમ્બરથી આરંભાયેલી કથાની પૂર્ણાહુતી ૩ ડિસેમ્બરના રોજ કરવામાં આવશે. પરમ પૂજય મધુસુદનદાસજી મહારાજ (વાવોલ) ના મુખે કથાનું વાંચન કરવામાં આવી રહ્યું છે. (તસવીર : કશ્યપ નિમાવત)

વિધાનસભામાં સ્વ. જી.વી. માવળંકરને પુષ્પાંજલિ

ગાંધીનગર, તા. ૨૮

લોકસભાના પ્રથમ અધ્યક્ષ અને સ્વાતંત્ર્ય સેનાની ગણેશ વાસુદેવ માવળંકરની ૧૨૮મી જન્મજયંતિ નિમિત્તે વિધાનસભા પોડિયમ ખાતે તેમના તૈલચિત્રને વિધાનસભાના સચિવ ડી.એમ. પટેલ દ્વારા પુષ્પાંજલિ આપવામાં આવી હતી. આ પ્રસંગે વિધાનસભાના કર્મચારીઓ અને અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

દિવ્ય જીવન સંઘ દ્વારા નિઃશુલ્ક યોગ ધ્યાન શિબિર

ગાંધીનગર, તા.૨૮

દિવ્ય જીવન સંઘ ગાંધીનગર તથા શ્રી ગાયત્રી શકિતપીઠ દ્વારા સંયુકત ઉપક્રમે તા. ૧લી ડિસેમ્બરથી તા.૧૦મી ડિસેમ્બર સુધી શ્રી ગાયત્રી શકિતપીઠ સેકટર-૧ ખાતે સવારે સાતથી સવા આઠ વાગ્યા સુધી યોગ-ધ્યાન શિબિરનું આયોજન કરેલ છે. યોગાસન, પ્રાણાયામ, શારીરિક, માનસિક આરોગ્ય વિષેનું પ્રશિક્ષણ આપવામાં આવશે તેમ ઉપપ્રમુખશ્રી અશ્વિનભાઈ દવેએ જણાવેલ છે.

સંવેદનશીલ સ્થળોએ સીઆરપીએફની ટુકડીઓ મુકાઈ

ગાંધીનગર, તા.૨૮

તાલુકા અને જિલ્લા પંચાયતની ચુંટણી તટસ્થ અને શાંતિ-સલામતી પૂર્વક સંપન્ન થાય તે માટે પુરતો પોલીસ બંદોબસ્ત ખડકી દેવામાં આવ્યો છે. તે ઉપરાંત ગાંધીનગર જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સંવેદનશીલ વિસ્તારોમાં સીઆરપીએફની ટુકડીઓ પણ ગોઠવી દેવામાં આવી છે તે ઉપરાંત ચુંટણી બુથો પર સજ્જડ પોલીસ બંદોબસ્ત પણ તૈનાત કરવામાં આવ્યો છે.

ગાંધીનગર જિલ્લામાં ચુંટણી પ્રક્રિયા દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે અને શાંતિમય માહોલમાં ચુંટણી સંપન્ન થાય તે માટે ડીઆઈજી કક્ષાના અધિકારીને સુપરવિઝન સોંપવામાં આવ્યું છે. કરાઈ ખાતે કમાન્ડો ટ્રેનીંગ સેન્ટરમાં ડીઆઈજી તરીકે ફરજ બજાવતા જી.એલ. સિંઘલ ગાંધીનગર જિલ્લાનું સુપરવિઝન કરશે. તે ઉપરાંત સંવેદનશીલ સ્થળો માણસા, કલોલ શહેર, કલોલ તાલુકા, દહેગામ, રખિયાલ અને ડભોડા ખાતે સીઆરપીએફની ટુકડીઓ મુકી દેવામાં આવી છે તે ઉપરાંત કોઈ સ્થળે અચાનક પરિસ્થિતિ વણસે તો તે કાબુમાં લેવા ૫૦ પોલીસના માણસો રીઝર્વ રાખવામાં આવ્યા છે. તે ઉપરાંત ખાનગી વેશમાં ૧૨ કવીક રીસ્પોન્સ ટીમો વિવિધ બુથો પર નજર રાખશે. શાંતિપૂર્ણ માહોલમાં ચુંટણી સંપન્ન થાય તે માટે પુરતો પોલીસ બંદોબસ્ત તમામ ચુંટણી બુથો પર ગોઠવી દેવામાં આવ્યો છે.

બુથો પર ખાનગી વેશમાં પોલીસ ચુંટણી પ્રક્રિયા પર નજર રાખશે : ૧૨ કવીક રીસ્પોન્સ ટીમો ફરશે : કયાંક પરિસ્થિતિ બેકાબુ બને તો ત્યાં મોકલવા ૫૦ માણસો રીઝર્વ

ચુંટણી બુથો પર સજ્જડ પોલીસ બંદોબસ્ત તૈનાત

સેકટર-૭ પોસ્ટ ઓફિસના કર્મચારીઓની મનમાની સામે રોષ

ગાંધીનગર, તા.૨૮

શહેરના સેકટર-૭માં આવેલી પોસ્ટ ઓફિસ અસુવિધા અને લાલીયાવાડીની મોટી ઓફિસ બની ગઈ છે. પોસ્ટ ઓફિસમાં આવતા ગ્રાહકોનું કામ કયારે પણ એક ધક્કામાં પુરું થતું જ નથી. વારંવાર સર્વર ખોરવાઈ જવાની ઘટનાના બહાના હેઠળ પોસ્ટ ઓફિસમાં આવતા ગ્રાહકોને પોપલાવીને હેડ ઓફિસમાં ધકેલી દે છે. તાજેતરમાં જ સ્પર્ધાત્મક પરીક્ષાના ફોર્મની પોસ્ટ ઓફિસ ફી ભરવા જતા જ સે-૭ પોસ્ટ ઓફિસના કર્મચારીએ બપોરે બે વાગે સમય પુરો થઈ જવાનું જણાવતા ગ્રાહકે આ સમય અંગેના પરિપત્રની નકલ માંગતા કર્મચારીએ તુરંત જ પેલા ગ્રાહકને બોલાવી શરમાતા શરમાતા ફી સ્વીકારી લીધી હતી. આમ સેકટર-૭ની પોસ્ટ ઓફિસમાં અધિકારીઓ ભારે મનમાની અને તાનાશાહી કરી રહ્યા છે આથી ગ્રાહકોમાં નિરાશા સાથે રોષ ફેલાયો છે અધિકારીઓની આ મનમાની થી ખરેખર ડીજીટલ ઈન્ડિયાના ધજાગરા ઉડી રહ્યા છે.

વર્તમાન સમયમાં સરકાર તમામ વિભાગમાં પરિવર્તન લાવવા કવાયત કરી રહી છે. તમામ વિભાગમાં આવતા અરજદારો અને ગ્રાહકોને સુવિધા અને સંતોષ આપવા માટે મથી રહી છે પરંતુ સરકારી વિભાગના જ કર્મચારીઓ પોતાના કામની ચોરી કરી ગ્રાહકો કે અરજદારોને હડધૂત કરી રહ્યા છે અને ખાડે ગયેલી પોસ્ટ ઓફિસોમાં તો કર્મચારીઓ બિલકુલ આળશુ બની ગયા છે.

ગાંધીનગર શહેરમાં પોસ્ટ ઓફિસના ભારે ધાંધિયા વધી ગયા છે. પોસ્ટ ઓફિસમાં કલાકો સુધી ગ્રાહકોએ આમતેમ આંટા ફેરા કરવા છતાં કર્મચારીઓ કોઈ જવાબ પણ આપવાની તસ્દી લેતા નથી. શહેરની સે-૭ની પોસ્ટ ઓફિસના આળસુ કર્મચારીઓને કામ કરવામાં કોઈ રસ જ જણાતો નથી. આ કર્મચારીઓ સ્પર્ધાત્મક પરીક્ષાની ફી ભરવા આવતા તમામ ગ્રાહકોને દરરોજ ગલ્લા તલ્લા બતાવી સમય પહેલા જ કામગીરી બંધ છે, સર્વર બંધ છે તેવા બહાના બતાવી રહ્યા છે. ગ્રાહકો પાસે કામગીરીનો ચાર્જ પણ વસુલી રહ્યા છે તેમ છતાં કોઈ પણ પ્રકારની સેવાઓ નથી આપી રહ્યા ત્યારે ગ્રાહકોમાં આ કર્મચારીઓ પ્રત્યે ભારે રોષ જોવા મળી રહ્યો છે. દરરોજ સે-૭ પોસ્ટ ઓફિસના કર્મચારીઓ પોસ્ટ ઓફિસમાં આવતા ગ્રાહકોને હેડ પોસ્ટ ઓફિસમાં ધકેલી રહ્યા છે. કર્મચારીઓના આ વર્તનને લીધે ગ્રાહકો આવા કર્મચારી સામે પગલા લેવામાં આવે તેવી માંગ કરી રહ્યા છે.

શ્રમજીવી પરિવારોના બાળકો માટે રચનાત્મક વર્કશોપ

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરના ચાર મિત્રો દ્વારા સે-૧૬ ખાતે ઝુંપડપટ્ટીના બાળકો માટે બે દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્કશોપમાં શ્રમજીવી પરિવારના બાળકોને દિવાસળીના ઉપયોગ વડે વિવિધ ભૌમિતિક આકારો તથા આકૃતિઓ બનાવતા શીખવાડવામાં આવી રહ્યાં છે.

વિજયસિંહ માજીરાણા, મહેન્દ્રભાઈ સોનારા, પ્રદિપસિંહ વાઘેલા, મનિષભાઈ યાજ્ઞિક દ્વારા શ્રમજીવી પરિવારોના બાળકોની સુષુપ્ત શકિતઓ બહાર લાવવા દર રવિવારે રચનાત્મક પ્રવૃત્તિ હાથ ધરાય છે. આ પ્રવૃત્તિ અંતર્ગત તા. ૨૮મી તથા ૨૯મી નવેમ્બર દરમિયાન માચીસની સળીઓ, વાલ્વટયુબ, ફેવીકોલ વગરેના ઉપયોગ વડે વિવિધ ભૌમિતિક આકારો બનાવવા અંગે વર્કશોપનું આયોજન કરવામાં આવે છે. આ વર્કશોપ અંતર્ગત બાળકોને ભૂમિતિના આકારો શીખવાડવાની સાથે સાથે તેમનામાં સુષુપ્ત શકિતઓને ખિલવવા પ્રયાસ કરાયો હતો. આ વર્કશોપમાં આશરે ૩૦ જેટલા ગરીબ પરિવારોના બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. દિવાસળીઓને વાલ્વટયુબના આધારે એકબીજા સાથે જોડી ત્રિકોણ, લંબચોરસ, ચોરસ, પિરામીડ, ડાયમન્ડ, ષટકોણ જેવા આકારોના મોડેલ તૈયાર કરવામાં આવ્યા હતા. બાળકોને આ પ્રકારના વર્કશોપમાં ખૂબ મજા પડી હતી અને ઘણા બધા મોડેલ્સ તૈયાર કર્યા હતા. બાળકોએ તેમને શીખવાડવામાં આવ્યા તેના સિવાય પણ પોતાની કલ્પનાશકિતના આધારે નવા નવા મોડેલ તૈયાર કરી આયોજકોને દિગ્મૂઢ કર્યા હતા.

શહેરના ચાર સેવાભાવી યુવા મિત્રો દ્વારા જરૂરિયાતમંદ બાળકોને દિવાસળી વડે વિવિધ ભૌમિતિક આકારો બનાવવાનું શીખવવાનો વર્કશોપ યોજવામાં આવ્યો

ગાંધીનગરના ચાર મિત્રો વિજયસિંહ માજીરાણા, મહેન્દ્રભાઈ સોનારા, પ્રદિપસિંહ વઘેલા તથા મનિષભાઈ યાજ્ઞિક દ્વારા શ્રમજીવી પરિવારોના જરૂરિયાતમંદ બાળકો માટે વિવિધ સેવાભાવી પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. આ પ્રવૃત્તિઓમાં બાળકોને નિયમિત દર રવિવારે ભણાવવા, વિવિધ ચીજવસ્તુઓનું વિતરણ કરવું, સ્વચ્છતા અભિયાન ચલાવવું, દેશભકિત અને ધ્વજવંદનના કાર્યક્રમો યોજવા જેવા રચનાત્મક કાર્યોનો સમાવેશ થાય છે. યુવાનોની આ પ્રવૃત્તિના કારણે જરૂરિયાતમંદ બાળકોની આંતરિક શકિતઓનો વિકાસ થઈ રહ્યો છે જે તેમના ભવિષ્યને ઉજજવળ દિશા તરફ લઈ જવામાં મદદરૂપ થશે.

બ્રહ્મ શિશિર ઉત્સવમાં હેમામાલિનીની ભારતનાટયમ પ્રસ્તુતિ યોજાશે

ગાંધીનગર, તા.૨૮

સુવિખ્યાત નૃત્યગુરુ દિપક મઝમુદારની ષષ્ટિપૂર્તિ વર્ષ નિમિત્તે તા. ૧૨મી ડિસેમ્બરે અમદાવાદની એચ.કે. કોલેજ કેમ્પસમાં એચ.કે. હોલ ખાતે સાંજે ૬.૩૦ કલાકે બ્રહ્મ શિશિર ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉત્સવમાં ગુરૂ દિપક મઝમુદાર સાથે સુવિખ્યાત અભિનેત્રી પદ્મશ્રી હેમામાલિની ભારત નાટયમ કોન્સર્ટ પ્રસ્તુત કરશે.

ભારતનાટયમ ક્ષેત્રે દેશભરમાં વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કરનાર સુવિખ્યાત અભિનેત્રી-સાંસદ હેમામાલિની દ્વારા ખાસ પ્રસ્તુતિ કરાશે. વળી આ પ્રસંગે આર્ટ એન્ડ કલ્ચરલ ક્ષેત્રના મેગેઝીન 'બ્રહ્મબોધિ'નું વિમોચન કરવામાં આવશે. આ કાર્યક્રમનું સંચાલન રૂપક મહેતા દ્વારા કરાશે.

ચિરવિદાય

- સ્વ. શોભાબેન મફાજી બિહોલા, ઉ.વ.૫૮
- સ્વ. ગોરધાનભાઈ મોહનભાઈ પટેલ, ઉ.વ. ૬૮
- સ્વ. દિવાબેન મણીભાઈ પટેલ, ઉ.વ. ૮૦
- સ્વ. નગીનભાઈ શનાભાઈ માછી, ઉ.વ. ૬૨
- સ્વ. સોમાભાઈ શીવાભાઈ બજાણીયા, ઉ.વ. ૭૪